ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ભૂખ્યા છે સત્તાના, મત ના હવે મારણાં શોધે છે*
*વેર્યા દાણા મેલી વિધાના હવે વારણાં શોધે છે*
*ચરણાં શોધે છે મુક્તિનાં રોજ નવા આદેશોથી -*
*ડૂબ્યા, ખૂદે ખોધા ખાડામાં હવે તરણાં શોધે છે.*

### હાઈકુ

*પ્હોંચાય કેમ?*
*પ્રચાર લીલા ખર્ચે -*
*'સહારા' વિના...*

*ગંગા નું પત્યું,*
*લ્યો ! હવે કરો સાફ*
*સમુદ્ર પણ...*

### ચિંતન

**કો હિ ભારઃ સમર્થાનાં કિં દૂર વ્યવસાયિનામ્ ।**
**કો વિદેશઃ સવિદ્યાનાં કઃ પરઃ પ્રિયવાદિનામ્ ॥**

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.

સમર્થ અને શક્તિમાન માણસ માટે કોઈ પણ કાર્ય મુશ્કેલ નથી. વ્યવાપારીઓ માટે કોઈ સ્થાન દૂર નથી, વિદ્વાનો માટે કોઈ પણ દેશ પરદેશ નથી અને જે વ્યક્તિની વાણી મધુર છે તેને માટે કોઈ પારકું નથી.

સમર્થ વ્યક્તિ પોતાના સામર્થ્યથી કોઈ પણ કાર્ય સિદ્ધ કરી શકે છે. સાચો વેપારી ગમે તે સ્થાને વેપાર કરવા તૈયાર હોય છે. તેને માટે કોઈ સ્થાન દૂર નથી. વિદ્વાનો માટે દેશ કે પરદેશ જેવું હોતું નથી. તેઓ દરેક જગ્યાએ પોતાના માટે વાતાવરણ બનાવી લે છે. તેજ રીતે મધુર વાણી ધરાવતી વ્યક્તિ બધાંનાં દિલ જીતી લે છે. તેને માટે તો બધાં પોતાનાં જ હોય છે.

### સુવિચાર

- ઈશ્વર તો દુઃખની લપડાક મારીને અસત્યથી સત્ય તરફ લઈ જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે બીજાના દોષોની ચર્ચા કરે છે તે પોતાના દોષો પ્રગટ કરે છે - **બુદ્ધ**
- અલ્પમાંથી પણ જે અલ્પનું દાન કરે છે
  તે દાન તો લાખો કરોડોના દાનની બરાબર કહેવાય છે - **રમણ મહર્ષિ**
- અશુભનો ત્યાગ, અને શુભનો સ્વીકાર તે માંગલ્ય - **મુનિ જીનચંદ્રજી**
- ધનવાન માણસ આંધળો નહિ પણ બહેરો પણ થઈ જાય છે કારણ કે
  પરમપિતા પરમાત્માનું નામ તેના કામ સુધી પહોંચી શકતું નથી - **ડોંગરેજી**
- કર્મ અને જ્ઞાનમાં કોઈ સંઘર્ષ કોઈ વાસ્તવિક વિરોધ નથી - **જનકલ્યાણ**
- તમારા આંતરમનને ક્ષુબ્ધ કરે તે પાપ - **સંત રોબિન**
- આજનું ઔષધ : આંબાના સૂકા ફૂલોનું ચૂરણ જૂનો મરડો મટાડે છે. **(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

સાચા સંત સરળ સ્વભાવના અને ક્ષમાશીલ હોય છે. કદી કોઈ પરત્વે દ્વેષભાવ તો રાખતા જ નથી.

સંત પિટર મિલન આવા જ ઉમદા એક ક્ષમાશીલ સંત હતા. એમની રવિવારીય પ્રાર્થના સભામાં એક દાંડ-ઝઘડાખોર, બદમાશ પણ આવતો. આવી બેઠ માટે કે કોઈ પણ બહાને કંકાસ કરતો. સંતના વ્યાખ્યાનમાંથી પણ દોષ શોધી સંતને સામે દલીતો કરી અપમાનિત કરતો.

આ સ્વભાવને કારણે એકવાર કોઈ ગુન્હામાં તે પકડાઈ ગયો. ત્રણ વર્ષની જેલ થઈ. જેલના એકાંતવાસમાં ચિંતન કરતાં તેને સત્ય સમજાયું. સગા-વ્હાલાં-મિત્રો વકીલો એ હાથ ઊંચા કર્યા - બધાએ કહ્યું - 'કર્યાં ભોગવ.'

તેને સંત પિટર અને તેનો ક્ષમાશીલ સ્વભાવ યાદ આવ્યા. સાચા હૃદયનો પ્રશ્ચાતાપ કરી, ક્ષમા માગતો પત્ર લખ્યો. સંત પીટરે પશ્ચાતાપથી લખાયેલાં પત્ર વાંચ્યો. તરત સાથે ભણેલો મિત્ર જે આજે અમેરિકાનો પ્રમુખ હતો જયોર્જ વોશિંગ્ટન યાદ આવ્યો. તરત એની પાસે જઈ માઈકલનો ઈતિહાસ કહ્યો - પોતાની સાથેના વ્યવહારની પણ ઉપરછલ્લી વાત કરી - તેની ત્રણ વર્ષની સજા માફ કરાવવા વિનંતી કરી... જયોર્જે પત્ર વાંચ્યો; અને માઈકલની સજા માફ કરી દીધી; અને મનોમન સંત પિટરની વંદના કરી.

# જંગની ઓચિંતી વિદાય રહસ્યમય છે

**તંત્રીસ્થાનેથી...**

દિલ્હી રાજયના લેફટેનંટ ગર્વનર તરીકે ફરજ બજાવતા અને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથેના તનાવપૂર્ણ સંબંધોને કારણે સતત વિવાદાસ્પદ રહેલા ડૉ. નજીબ જંગ એક રાજકારણી કરતાં સવિશેષ મુસ્લિમ બૌદ્ધિક તરીકે જાણીતા હતા. દિલ્હીમાં ડૉ. ઝાકિર હુસેન દ્વારા સ્થપાયેલ જામિયા મિલિયાના કુલપતિ રહી ચૂકેલા નજીબ જંગને કોંગ્રેસના શાસનકાળમાં જ દિલ્હીના ઉપરાજયપાલ પદની નવાજેશ થઈ હતી. કોંગ્રેસમાં મુસ્લિમ બૌદ્ધિકો પ્રત્યે વિશેષ સહાનુભૂતિ રહેતી આવી છે, જેની ફલશ્રુતિ લેખે આપણને ડૉ. ઝાકિર હુસેનથી લઈ ડૉ. હામિલ અન્સારી સુધીની હસ્તીઓ ઉચ્ચત્તમ પદો પર બેઠેલી જોવા મળી છે. નજીબ જંગ પ્રમાણમાં નાની વયના બૌદ્ધિક હતા, એથી એમને પ્રમાણમાં નાનો હોદ્દો અપાયો હતો. પરંતુ શાસનપરિવર્તન થતાંની સાથે જંગના કિસ્મતમાં એક સાથે ત્રણ દિશાએ જંગ લડવાની નોબત આવી હતી.

હોદ્દો બચાવવા માટે એમને પોતાની વિચારસરણીથી વિરુદ્ધના હિંદુત્વવાદી ભાજપ સાથે ગોઠવાવાનું હતું તો બીજી તરફ અરવિંદ કેજરીવાલ જેવા બોલકા નોકનાયક સામે બાથ ભીડવાની હતી. મૂળે જેના કારણે સત્તા હાંસલ થઈ હતી તે કોંગ્રેસ પક્ષ સાથે રહેવાથી કશું જ મળે એમ ન હતું અને નવા મુખ્યમંત્રી કેજરીવાલને અનુકૂળ થવા જતાં રાતોરાત પદ આંચકી લેવાય તેવી શક્યતા હતી. નજીબ જંગે આ ત્રિવિધ વિટંબણા વચ્ચે ખાસ્સો લાંબો સમય ખેંચી કાઢ્યો, પરંતુ આખરે તો એમને જવું જ પડ્યું છે અને તે પણ પદની મુદત કરતાં ખાસ્સાં દોઢ વરસ પહેલાં.

નજીબ જંગે કેન્દ્રના મહોરા તરીકે જ કામ કર્યું હોવાનો વ્યાપક અભિપ્રાય પ્રવર્તે છે. દિલ્હી રાજય એ પૂર્મ કક્ષાનું રાજય નથી. એમાં ચૂંટાયેલી સરકાર તથા મુખ્યમંત્રીને મર્યાદિત અધિકારો જ મળેલા છે. વળી છેલ્લો શબ્દ કેન્દ્રના હાકેમ સમા ઉપરાજયપાલનો જ રહે છે. બંધારણમાં આ પ્રકારની જોગવાઈ હોવાથી ડૉ. નજીબ જંગને છાશવારે મુખ્યમંત્રી કેજરીવાલ સરકારના અનેક નિર્ણયો ખારિજ કર્યા હતા, જેની પાછળ કેન્દ્રનો ઈશારો બલકે હુકમ હોવાનું સ્પષ્ટ દેખાતું હતું. આથી કેજરીવાલ સાથે સીધા સંઘર્ષમાં ઊતરતા રહેવાનું જાણે કે એમને કોઠે પડી ગયું હતું. કોંગ્રેસ શાસન દરમિયાન નિમાયેલા અન્ય રાજયપાલોને એક પછી એક બરખાસ્ત કરનાર મોદી સરકારે નજીબ જંગને ટકાવી રાખવામાં શાણપણ જોયું હતું. નજીબ જંગ પણ વફાદાર સેવકની જેમ વડાપ્રધાન અને ગૃહપ્રધાનના આદેશોનો અમલ કરતા રહ્યા અને એને બંધારણીય માન્યતા સાંપડતી રહી. અદાલતો પણ નજીબ જંગ સામેના કેજરીવાલના બખાળા પ્રત્યે નારાજગી દર્શાવતી રહી કારણ કે જંગ જે પ્રકારનો જંગ લડી રહ્યા હતા એને બંધારણનો ટેકો હતો. આખરે આટલી કશ્મકશ વચ્ચે ઉપરાજયપાલની જવાબદારીઓ પ્રો-એક્ટિવ બનીને નિભાવતા રહ્યા છતાં જંગને પદ છોડવાની ફરજ પડી છે તે શું એમનું 'રાજીનામું' છે?

કદાચ એને બંધારણની મર્યાદામાં જરૂર રાજીનામું કહી શકાતું હશે, પરંતુ કેન્દ્ર સરકારને હવે એમની વધુ સેવાઓની જરૂર નથી રહી, એટલો સંદેશ તો આ ઘટનામાંથી કોઈ પણ નાગરિક વાંચી શકશે. જંગની જગ્યા પર વિજયકુમાર મલ્હોત્રા જેવા વયોવૃદ્ધ નેતાથી લઈ કેજરીવાલ સામે બાખડનારા બસ્સી જેવા નિવૃત્ત પોલીસવડાનાં નામો ચર્ચાઈ રહ્યાં છે, તે સૂચક છે.

# 'ગુજરાતી સાહિત્ય અને વંચિતો' વિષય પર પરિસંવાદ યોજાયો



**સાહિત્ય વૃત્ત**
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃતસંચય

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા રાજકોટ ખાતે હેમુ ગઢવી નાટ્યગૃહમાં ૧૯ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ કાવ્યસત્ર-૯નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કવિઓ નીતિન વડગામા, ભાસ્કર ભટ્ટ, દિલીપ જોશી, કુ. ઈશિતા દવે, હર્ષિદા ત્રિવેદી, દિનેશ કાનાણી, એસ.એસ. સાહી, શૈલેષ ટેવાણી, હરિશ્ચંદ્ર જોશી, લલિત ત્રિવેદી, ગોવિં ગઢવી 'સ્મિત', રાકેશ હાંસલિયા, વંચિત કુકમાવાલા, અને વારિજ લુહારો પોતાની રચનાઓ રજૂ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ ગોવિંદ ગઢવી 'સ્મિત' દ્વારા સુપેરે કરવામાં આવ્યું હતું.

● જાણીતા સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈને ગુજરાત સાહિત્ય સભા દ્વારા, સને ૨૦૧૫નો રણજિતરામ સુવર્ણચંદ્ર એનાયત કરવામાં આવશે. ગુજરાતી સાહિત્યનું આ શ્રેષ્ઠ સન્માન મેળવનાર ડૉ. કુમારપાળ દેસાઈએ ચરિત્ર, વિવેચન, સંશોધન, ચિંતન, અનુવાદ, પ્રૌઢ સાહિત્ય, નવલિકા, ધર્મદર્શન વિગેરે વિષયો પર એક સૌથી વધારે ગ્રંથોનું નિર્માણ કર્યું છે. છેલ્લી અડધી સદીથી વધારે વર્ષોથી સાહિત્ય સર્જન કરતા આ સાહિત્યકારના પાંચ પુસ્તકોને કેન્દ્ર સરકાર દ્વારા અને ચાર પુસ્તકોને ગુજરાત સરકાર દ્વારા પારિતોષિકોથી પોખવામાં આવેલ છે. એમનું પુસ્તક 'નાની ઉંમર, મોટું કામ' દેશની તમામ ભાષાઓમાં, એ વર્ષનું બાળસાહિત્યનું સર્વશ્રેષ્ઠ પુસ્તક ગણાયું હતું. એમને લખેલા લાલબહાદુર શાસ્ત્રીના જીવનચરિત્ર 'લાલ ગુલાબ'ની એક સાથે ૬૦,૦૦૦ (સાઈઠ હજાર) નકલો વેચાઈ હતી. વિકલાંગો માટેનું એમનું પુસ્તક 'અપંગના ઓજસ' શ્રેષ્ઠ પુસ્તક ગણાયું હતું, જેની આઠ આવૃત્તિઓ બહાર પડી છે અને તેની હિન્દી અને અંગ્રેજીમાં પણ ચાર આવૃત્તિઓ પ્રગટ થઈ છે.

ગુજરાતી સાહિત્ય પરિષદના પૂર્વપ્રમુખ એવા ડૉ. કુમારપાળ દેસાઈએ 'શબ્દસંનિધિ', 'ભારત વિભાવન' જેવા વિવેચનગ્રંથો અને અંગ્રેજીમાં દસ પુસ્તકો લખ્યા છે. મહાયોગી આનંદધન વિષે ૪૦૦ હસ્તપ્રતોનું સંશોધન કરીને, આ વિશે મહાનિબંધના ત્રણ ગ્રંથો લખ્યા છે. આફ્રિકન નાટકોનો અનુવાદ પણ કર્યો છે. એમના પિતા 'જયભિખ્ખુ' ના જીવનચરિત્ર વિષેનું પુસ્તક 'જીવતરની વાટે, અક્ષરનો દીવો, ગુજરાતી ચરિત્ર સાહિત્યમાં આગવું સ્થાન પામ્યું છે. ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી મૂર્ધન્ય સાહિત્યકારને અપાતો ગૌરવ પુરસ્કાર ઉપરાંત ધનજી કાનજી ચંદ્રક, હેમચંદ્રાચાર્ય સુવર્ણચંદ્રક એનાયત થયેલ છે. સને ૨૦૦૪માં ભારત સરકારે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામના હસ્તે 'પદ્મશ્રી' નો એવોર્ડથી વિભૂષિત કરેલ છે. ડૉ. કુમારપાળ દેસાઈએ સાહિત્ય, શિક્ષણ, ધર્મદર્શન, પત્રકારત્વ, વિદેશ પ્રધાન, માનવસેવા અને ગુજરાત વિશ્વકોશના સર્જકદ્વારા મહત્ત્વનું પ્રદાન કરેલ છે.

● પ્રસિદ્ધ સાહિત્યકાર - કવિ, નવલકથા, નિબંધકાર, વાર્તાકાર, પ્રવાસ લેખક, કટારલેખક અને 'શબ્દસર' માસિકના તંત્રી કિશોરસિંહ સોલંકીના તાજેતરમાં પ્રકાશિત થયેલા પ્રવાસગ્રંથ 'ધાંધારથી ગાંધાર' ના લોકાર્પણનો કાર્યક્રમ, છોટા ઉદેપુર આખે વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાના અધ્યક્ષપદે અને રાષ્ટ્રપતિ એવોર્ડથી વિભૂષિત અને સંસ્કૃતના ખ્યાતનામ વિદ્વાન વિજય પંડ્યાની ખાસ ઉપસ્થિતિમાં અને વિરોધપક્ષના ઉપનેતા મોહન રાઠવા, પૂર્વ કેન્દ્રીય મંત્રી નારણભાઈ રાઠવા, સંખેડાના ધા.સ. ધીરુભાઈ ભીલ, છોટા ઉદેપુર નગરપાલિકાના પ્રમુખ સંગ્રામસિંહ રાઠવાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. વિજય પંડ્યાએ પુસ્તક 'ધાંધારથી ગાંધાર' ની વિશેષતાઓ રસાળ શૈલીમાં દર્શાવી હતી. જયારે કાર્યક્રમનું સંચાલન નિસર્ગ આહીરે કર્યું હતું. કિશોરસિંહ સોલંકીનું પ્રવાસલેખનનું આ ત્રીજું પુસ્તક છે. તેમના વતન 'મગરવાડા'ની આસપાસનો વિસ્તાર જે 'ધાંધાર' નામથી ઓળખાય છે, તેની સાથે અફઘાનિસ્તાનમાં આવેલ 'ગાંધાર' નો પ્રવાસ કરીને એ વિષેનું માહિતીસભર, સચિત્ર અને રસાળ ગદ્યવાળુ, ગુજરાતી પ્રવાસ સાહિત્યનું એક આગવું સોપાન 'ધાંધારથી ગાંધાર' પુસ્તક આપ્યું. ગાંધીનગર સાહિત્યસભાના આજીવન સભ્ય કિશોરસિંહ સોલંકીને ખૂબ ખૂબ અભિનંદનસહ શુભેચ્છાઓ.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને 'સંવેદના સમાજ' સામયિકના સંયુક્ત ઉપક્રમે અને અકાદમીના અધ્યક્ષ - કવિ ભાગ્યેશ જહાના અતિથિ વિશેષપદે સાહિત્યિક સમરસતાના પર્વની ઉજવણી કરવામાં આવી. આ પરિસંવાદની ભૂમિકા કિશોર મકવાણાએ

અનુસંધાન પાના નં. ૭ પર

# તપ, ચિંતન અને કરૂણાનું ગુરૂશિખર : કેદારનાથજી



**ક્ષણના ચણીબોર**
વી. એસ. ગઢવી

કેદારનાથજીના ઉલ્લેખ સિવાય ગાંધીયુગની આકાશગંગાના તેજસ્વી તારલાઓનું દર્શન અધૂરુ રહે છે. ગાંધીજીના અડીખમ સાથી ઉપરાંત સંતોની સાદગી તથા સંયમભર્યા જીવનના નાથજી સીધા પ્રતિનિધિ હતા. આથીજ ગાંધી વિચારના સમર્થ પથદર્શક નારાયણ દેસાઈ નાથજીને ''આધ્યાત્મિક જગતના આઈન્સ્ટાઈન'' કહે છે. સાદા-સંયમી તથા આજન્મ ઉપાસકને છાજે તેવું જીવન જીવી જનાર કેદારનાથજીના જીવનની કરુણાની ક્ષિતિજો ખૂબ વિસ્તાર પામેલી હતી. એમનો સ્વભાવ મીણથી પણ મૃદુ કહી શકાય તેવો હતો દાદા ધર્માધિકારીની જેમ કોઈને પણ તકલીફ કે પીડા થાય તો તેમનાથી સહન થઈ શક્તી ન હતી. નાથજી બાળપણમાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હતા ત્યારનો એક પ્રસંગ નોંધાયો છે. નાથજીના વ્યક્તિત્વના અભિન્ન ભાગ એવી કરુણાભાવ તે ઘટનામાંથી પ્રગટે છે. એકવાર નાથજીના વર્ગ શિક્ષકે વર્ગના તમામ બાળકોને કોપીબુકમા સુલેખન કરવાની સુચના આપી હતી. બીજા દિવસે નાથજીએ જોયું કે વર્ગના અન્ય કોઈ વિદ્યાર્થી આ ગૃહકાર્ય કરી લાવ્યા ન હતા. તે કાળે શિક્ષકો ગૃહકાર્ય ન કરનાર વિદ્યાર્થીને સોટી કે ફુટપટ્ટીના મારથી સામાન્ય રીતે શિક્ષા કરતા હતા. બાળવયના નાથજીએ વિચાર્યું કે પોતે ગૃહકાર્ય બતાવશે તો બાકીના સહાધ્યયીઓને સોટીનો માર પડશે. આથી તેમણે મનોમન નિર્ધાર કર્યો કે પોતે પણ ગૃહકાર્ય કરેલું હોવા છતાં તે નહિ બતાવે અને શિક્ષક સજા તરીકે સોટીનો માર મારશે તો સહન કરી લેશે! બાળમનમાં ફૂટેલી આ કરુણાની વેલ ભવિષ્યમાં વૃક્ષ થઈને નાથજીના વ્યક્તિત્વમાં મહોરી ઉઠી. આ કરુણાના ભાવથી જ તેમની સેવા શુશ્રૂષાની પ્રવૃત્તિ નિરંતર ચાલતી રહેતી હતી. ગાંધીજી કહેતા : ''કોઈ બીમાર હોય અને નાથજી ત્યાં ન પહોચ્યાં હોય એ હું કલ્પી જ નથી શક્તો'' ગાંધીજી આશ્રમમાં હાજર ન હોય ત્યારે ગાંધીને ગમતું માંદા માણસની સેવાનુ કાર્ય નાથજી બેવડા ઉત્સાહથી કરતા રહેતા હતા.

જન્મે મહારાષ્ટ્રીયન કેદારનાથજી સમગ્ર દેશના થઈને જીવ્યાં. ૧૮૮૩ના ડિસેમ્બર માસની ૨૫મી તારીખે નાથજીનો જન્મ થયો હતો. યોગાનુયોગ આ શુભ દિવસે જ વિશ્વના પીડિતો તરફ અપાર કરુણાનો ભાવ ધારણ કરનાર ભગવાન ઈસુનું પ્રાગટ્ય થયું હતું. વિશ્વના પ્રાણીમાત્ર તરફ કરુણાના ભાવ સાથે જીવી જનાર ભગવાન ઈસુ તથા બુધ્ધની કરુણાના નાથજી ઉજળા વારસદાર હતા. ડિસેમ્બર માસમાં નાતાલની પવિત્ર ઉજવણીના પ્રસંગે કેદારનાથજીનું પુનઃ સ્મરણ થાય છે. વિશ્વમાં આજે અનેક વિસંવાદ વચ્ચે ઘણા લોકો માનસિક અસ્વસ્થતા ભોગવે છે ત્યારે કેદારનાથજીના જીવનની પધ્ધતિ કદાચ તેમને આ અવસ્થામાંથી સ્વસ્થતા તરફ દોરી શકે તેવી અસરકારક અને અનુકરણીય છે.

કેદારનાથજીએ જે બાબતનો વિચાર કર્યો છે તે તેમના દીર્ધ અનુભવ તથા અનુભૂતિમાંથી ઘડાયા છે. આવા વિચારોનું એક અદકેરું મૂલ્ય છે. નાથજીનું દર્શન વિવેકયુક્ત તથા સદાકાળ સાંપ્રત ગણાય તેવું છે. કિશોરલાલ મશરૂવાળાના ભત્રીના નીલકંઠ મશરૂવાળાએ નાથજીના સંપર્કના પરિણામે તેમના કેટલાક વિચારો નોંધ્યા છે. નાથજીનું વિવિધ વિષયો તરફનું સમ્યક્ દ્રષ્ટિબિંદુ આજે પણ આદર તેમજ અહોભાવ ઉપજાવે તેવું છે. નાથજી કહે છે કે યુરોપના લોકો આપણાં પ્રમાણમાં વિશેષ ઉદ્યોગી છે. નૂતન શોધ તથા વિચારના પુરસ્કર્તા છે. નાથજી કહે છે આપણે કેટલીક વખત આ બાબતોને 'આસુરી' કહીને તેની નિંદા કરીએ છીએ. પરંતુ આપણી અકર્મણયતા કે નિવૃત્તિ એ પણ 'આસુરી' જ છે. આપણે કોઈપણ બાબત વિચારપૂર્વક કરીએ તેમજ નિત્ય જ્ઞાનવર્ધન કરીએતે તરફ નાથજીએ ભારપૂર્વક ધ્યાન દોરેલું છે. ''આપણી ઓછી આવશ્યકતા એજ સાત્વિક ત્યાગ છે'' એવી નાથજીની વાત આજના સંદર્ભમાં ફરી ધ્યાન પર લેવા જેવી તથા અપનાવવા જેવી છે. આપણાં સમાજમાં પડેલાં પ્રમાદની બાબત નાથજીની ચિંતાનો વિષય છે.

કર્તવ્યપાલનની બાબતમાં જ આગળ વધતાં નાથજી કહે છે કે કાઈપનિક દેવો તેમજ જુદા જુદા દિવ્યસ્થાનો વિશે ધારણાઓ બાંધીને લોકો પોતાના સ્વાભાવિક કર્તવ્યો અંગે બેદરકાર રહે તો સ્વસ્થ સમાજનું નિર્માણ થવું એ અઘરી બાબત છે. નાથજીના વિચારો જોતાં જીવનમાં શ્રધ્ધાનું જેટલું મૂલ્ય છે તેટલું જ જરૂરી અંધશ્રધ્ધાના ત્યાગ અંગેનું છે. સ્વામી દયાનંદ તથા રાજા રામમોહનરાય જેવા આપણાં સંતો-વિચારકોએ પણ અંધશ્રધ્ધા કે કુરૂઢિઓ તરફ ધ્યાન દોરીને સમાજને તેનાથી દૂર કરવા પ્રયાસ કરેલા છે. આજની સ્થિતિ તથા સંદર્ભમાં પણ ભલાભોળા માનવ સમૂદાયની અંધશ્રધ્ધાનો ફાયદો ઉઠાવી તેમનું એક અથવા બીજા પ્રકારે શોષણ કરવાના પ્રયાસો થતાં હોય તેવા અનેક પ્રસંગો સમાચાર માધ્યમોમાં પ્રગટ થતા રહે છે. નાથજી અને નાનાભાઈ ભટ્ટે જે કેળવણીની હિમાયત કરી છે તેમાં અતાર્કિકતા કે અંધશ્રધ્ધાને કોઈ સ્થાન નથી. કર્તવ્યો તરફથી વિમુખતા તેમાં સહેજ પણ નથી. ૧૯૮૪નું વર્ષ એ નાથજીનું જન્મ શતાબ્દીનું વર્ષ હતું. આ પ્રસંગ નિમિત્તે કેદારનાથજીના વિચારો કાળજીપૂર્વક ગ્રંથ સ્વરૂપે ફરી પ્રકાશન કરવાનું કામ નવજીવન ટ્રસ્ટે કર્યું. આ એક ઉપયોગી તથા અભિનંદનને પાત્ર કાર્ય થયું છે.

કેદારનાથજી બાપુના અંધ અનુયાયી ન હતા. કેટલીક બાબતોમાં તેઓ બાપુના વિચારો સાથે અસહમત હતા. પોતાની અસંમતિ નાથજી સ્પષ્ટ રીતે વ્યક્ત કરતા હતા. નાથજી લખે છે કે ગાંધીજી તેમનાથી ભિન્ન મત હોય તો તેના પર વિચાર કરતા અને તેમાં પોતાને તથ્ય જણાય તો તેનો નિઃસંકોચપણે સ્વીકાર કરતા હતા. નાથજીના મતે માંદા માણસોની સેવા-શુશ્રૂષા કરવી તે ગાંધીજીની આધ્યાત્મિક સાધનાનો એક ભાગ હતી. દાંડીકૂચ શરૂ થવાની મહત્વની ક્ષણે પણ બાપુ કૂચમાં જોડાતા પહેલા આશ્રમના એક સામાન્ય પરિવારની માંદી દીકરીની મુલાકાતે ગયા. બાપુના વ્યક્તિત્વની કરુણામયતા આ પ્રસંગમાંથી પ્રગટ થાય છે તેવું નાથજીનું અવલોકન યથાર્થ છે. કેદારનાથજી જેવા એક દિગ્ગજ વિચારપુરુષનું સ્મરણ જીવનને નૂતન માર્ગે દોરી જઈ શકે તેવું સમર્થ છે.

# પરિચયનું મૂલ્ય ના થઈ શકે એવા માણસો દુનિયામાં વિચરતા હોય છે



**ગાંધી ૧૦૦**
ડો. રાજેન્દ્ર જાની

કાર્લ માર્કસ અને મહાત્મા ગાંધીની વચ્ચેનું એક સરખાપણું છે. આ બંને મહાનુભાવો આજીવન લખતા રહ્યા. ગાંધીજીની કામ કરવાની રીત જ એવી હતી કે પોતાને જે સાચું ને કરવા જેવું લાગે તે જાતે જ કરવા માંડે. પણ જે સાચું લાગે એને સો વાર વિચારવાનું આ વ્યવસાયી વકીલે કયારેય જતું કર્યું ન હતું. જે સાચું લાગે એ કરવા પહેલા એમણે એમના બુદ્ધિના અને નીતિના ધર્મ એટલે કે હૃદયના ધર્મથી તરાસેલું જ કરવાનું રાખ્યું હતું. એક વાર ચકાસીને તપાસ્યું ને સાચું લાગ્યું એટલે કરવા માંડ્યું. આ ગાંધીનો માંહ્યલો સ્વભાવ. પછી પોતાને જે સાચું લાધેલું કાર્ય અમલમાં મૂકીને બીજાઓને સમજાવવાને માટે પત્રલેખન, વાતચીતમાં એ સંદર્ભની સાથે સંવાદ, જરૂર પડે તો પ્રજા સાથે સીધો ભાષણ અને જાહેર ચર્ચાનો દોર શરૂ કરીને પોતાની સમજને સમાજ સુધી વિસ્તારવાનો એમનો ક્રમ કાયમી રહ્યો છે.

જેમ જે તેઓ સત્યાગ્રહની લડતમાં ખૂંપતા ગયા તેમ તેમ તેમણે આ કાર્યને ફેલાવા માટે અઠવાડિયે ચલાવ્યાં, દક્ષિણ આફ્રિકામાં એ માટે તેમણે 'ઈન્ડિયન ઓપીનીયન' અઠવાડિયક શરૂ કરેલું, ૧૯૧૫માં હિંદમાં પરત ફર્યા પછી અહીં તેમણે 'યંગ ઈન્ડિયા' અંગ્રેજીમાં અને 'નવજીવુન' ગુજરાતીમાં શરૂ કર્યા હતા. પાછળથી પોતાના વિચારો 'હરિજન' સાપ્તાહિક મારફતે વ્યક્ત કરતાં હતા. આ સાપ્તાહિકોને તેમણે પ્રજાજોગ અઠવાડિક પત્રો તરીકેની ઓળખ આપી હતી.

આમ ગાંધીજીના પત્રવ્યવહાર, પ્રસંગોપાત ભાષણો, જાહેર નિવેદનો અને સાપ્તાહિકો મારફતે ઘણું સમૃદ્ધ ગાંધી સાહિત્ય આપણને ઉપલબ્ધ થયું છે. ગાંધીજીના કાર્યને ખાસ કરીને તેમની સત્ય અને અહિંસાની ઉપાસનાને અને તે માટે તેમણે સત્ય અને અહિંસાની ઉપાસનાને અને તે માટે તેમણે જીવનભર યોજેલી કાર્યપદ્ધતિ સમજવા માટે એક શ્રદ્ધા મુજબ ઘણા લોકોએ પસંદગી કરી સંગ્રહો બહાર પાડ્યા છે. (આ કટાર લેખક પણ એ રીતે જ દર સપ્તાહે નિયમિત લખી રહ્યા છે.)

આજે ગાંધી સાહિત્યની વાત એટલા માટે કરવી કે સંયુક્ત રાષ્ટ્રસંઘની એક સમિતિ જેને આપણે 'યુનેસ્કો' ના ટુંકા નામે ઓળખીએ છીએ. આ સંસ્થાને દુનિયાની આજની વિષમ પરિસ્થિતિમાં ગાંધીજીના કાર્યને અને સંદેશાનું મહત્ત્વ એટલું બધું લાગ્યું કે ગાંધી વિચારનો પરિચય કરાવવા આશયથી ગાંધીજીના વચનોમાંથી / લખાણોમાંથી પસંદગી કરીને અંગ્રેજીમાં 'ઓલ મેન આર બ્રધર્સ' નામે એ પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. આ પુસ્તકમાં ધ્યાન એ રાખવામાં આવ્યું કે ગાંધીજીના વિસાળ સાહિત્ય સુધી જેન પહોંચી શકે તે પણ આ સંગ્રહ મારફતે તેમના કાર્યનો, એક વિરલ વિભૂતિનો કાર્ય પદ્ધતિ અને તેમના વિચારોનો પરિચય કરી શકે.

**માનવ મન બુદ્ધ અથવા ગાંધી અને નીરો અથવા હિટલર જેવા પરસ્પર વિરોધી નમૂનાઓ પેદા કરે છે**

'યુનેસ્કો' એ નવજીવન પ્રકાશન મંદિરને અંગ્રેજી, ગુજરાતી અને હિંદીની અન્ય ભાષાઓમાં આ સંગ્રહ બહાર પાડવાની અનુભૂતિ આપી છે. આ પરવાનગી મુજબ નવજીવન પ્રકાશેન 'આપણે સૌ એક પિતાના સંતાન' એ નામે પુસ્તક પ્રગટ કર્યું છે.

૧૯૫૬ના નવેમ્બર મહિનામાં યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશન, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન - 'યુનેસ્કો'ની મળેલી સામાન્ય સભામાં ઉરુગ્વેના પ્રતિનિધિ મંડળે 'મહાત્મા ગાંધીના ચારિત્ર્ય વિષેના નિબંધ સાથે તેમના વિચારોમાંથી પસંદ કરેલા વચનોનું પુસ્તક પ્રસિદ્ધ કરવાની દરખાસ્ત કરેલી જેને સ્વીકારીને યુનેસ્કોએ આ પુસ્તક તૈયાર કરાવ્યું હતું.'

તત્કાલિન ઉપરાષ્ટ્રપતિ સર સર્વપલ્લી રાધાકૃષ્ણને ગાંધીની ફિલસૂફીના મુખ્ય મુખ્ય લક્ષણો અને તેમજ દુનિયાની જુદી જુદી પ્રજાઓ વચ્ચે મૈત્રી અને સમભાવભરી સાચી સમજ કેળવવામાં થયેલી તેમની અસર દર્શાવતો ટૂંકો પરિચય લખ્યો છે.

'આપણે સૌ એક પિતાના સંતાન' વિચાર સંગ્રહમાં

૧. સત્યના પ્રયોગોમાંથી. ૨ ધર્મ અને સત્ય. ૩. સાધન અને સાધ્ય ૪. અહિંસા ૫. તપઅને સંયમ ૬. આંતર રાષ્ટ્રીય શાંતિ ૭. માનવ અને યંત્ર ૮. સમૃદ્ધિની છોળો વચ્ચે ગરીબી ૯. લોકશાહી અને લોકો ૧૦. કેળવણી ૧૧. સ્ત્રીઓ ૧૨. પ્રકીર્ણ એમ કુલ ૧૨ પ્રકરણ છે.

ગાંધીનગર સમાચારના નિયમિત વાચક રાજા મુ. જયેશભાઈ અને પ્રા. હેતલબેન રાવલે 'ગાંધી ૧૦૦' કોલમ લખતા આ લેખકને પુસ્તક વાચન ભેટરૂપે આપ્યું એના કારણે આ પુસ્તકો પરિચય ભેટરૂપે આપ્યું એના કારણે આ પુસ્તકનો પરિચય સંસ્પર્શ કરાવવાની તક મળી છે. રાવલ દંપત્તિનો આભાર.

અંતમં પુસ્તક પરિચય કરાવનાર ડૉ. રાધાકૃષ્ણન સાહેબે ગાંધી વિશે જે વાત લકી છે એ યથાતથ જોઈએ.

'પોતાની હાર થઈ છે અને પોતાની નૈતિક ભાવના રીઢી થઈ જાય છે એવા ભાનવાળા જમાનામાં, પ્રાચીન દઢ આધાર જેમાં તૂટી પડતા જાય છે અને વિચાર તેમ જ ભાવના અને આચારના પરિચિત નમૂના જેમાં ઊથલી પડતા જાય છે ને તૂટલા જાય છે એવા જમાનામાં આપણે જીવીએ છીએ. પરસ્પર અસહિષ્ણુતા અને કડવાશ વધતી જાય છે. નવનિર્માણની જે જયોત મહાન માનવસમાજને પ્રેરણા આપતી હતી તે ઝાંખી પડતી જાય છે. પોતાની મૂંઝવી નાખનારી વિચિત્રતા અને વિવિધતાવાળું માનવમન બુદ્ધ અથવા ગાંધીજી અને નીરો અથવા હિટલર જેવા પરસ્પર વિરોધી નમૂનાઓ પેદા કરે છે. ઈતિહાસની મોટામાં મોટી વિભૂતિમાંની એક આપણી પેઢી દરમિયાન જીવી ગઈ, તે આપણી સાથે દુનિયામાં વિચરી, તેણે આપણી સાથે વાતો કરી, અને તેણે માણસને છાડે એવા સંસ્કારી જીવનનો માર્ગ આપણને શીખવ્યો એ વાતનું આપણને ગૌરવ છે. જે કોઈને અન્યાય કરતો નથી તેને કોઈની બીવાપણું નથી. તેને કંઈ છુપાવવાનું નથી ને તેથી તે નિર્ભય છે. દરેકની સામે તે હિંમતથી ઊભો રહે છે. તેની ચાલ દઢ છે, તેની દેહયષ્ટિ ટટ્ટાર છે, અને તેની વાણી સીધી ને સચોટ છે. જમાનાઓ પહેલા પ્લેટોએ કહ્યું હતું : 'જેમના પરિચયનું મૂલ્ય થઈ શકતું નથી એવાં થોડાં અંતઃપ્રેરણાવાળા માણસો હંમેશા દુનિયામાં વિચરતાં હોય છે.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)